# આણંદ કૃષિ યુનિવર્સિટીનું ગૌરવ

**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના પી.એચડી. એગ્રીકલ્ચર વિદ્યાર્થીની સંશોધન માટે પ્રતિષ્ઠિત ઇન્સ્પાયર ફેલોશિપ માટે પસંદગી**



કોલેજ અને યુનિવર્સિટી કક્ષાએ બેઝિક અને અપ્લાઇડ વિજ્ઞાનનો અભ્યાસ કરવા અને એન્જિનિયરિંગ, મેડિસિન, કૃષિ અને પશુ ચિકિત્સા વિજ્ઞાન સહિતના ક્ષેત્રોમાં સંશોધન કારકિર્દીને આગળ ધપાવવા માટે મેધાવી યુવાનોને આકર્ષવાના હેતુ સાથે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય,ભારત સરકાર દ્વારા 'Innovation in Science Pursuit for Inspired Research (INSPIRE)'ફેલોશિપ યોજના શરૂ કરવામાં આવેલ છે. આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ના બી. એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચરના જીનેટિક્સ અને પ્લાન્ટ બ્રીડીંગ વિભાગમાંડૉ. ધનશ્યામ પાટિલના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરતા ચિરાગ સવજીભાઇ રાદડિયાને 'ઇન્સ્પાયર ફેલોશિપ' મળેલ છે. આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાએ એવોર્ડ મેળવેલ વિદ્યાર્થીને અભિનંદન આપતા વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેના પીએચ.ડી પ્રોગ્રામના ભાગરૂપે અને "ઇન્સ્પાયર ફેલોશિપ" પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી દ્વારા હાથ ધરવામાં આવેલ સંશોધન ખૂબ જ ફળદાયી અને સકારાત્મક પરિણામો આપશે.

